## સંક્ષિપ્ત સમાચાર

### સંખેડા ખાતે નીકળેલી તિરંગા યાત્રાથી નગરના માર્ગો દેશભક્તિના નારા ગુંજી ઉઠ્યા



**સંખેડા :** દેશના દરેક નાગરિક હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બની ઘર ઘર તિરંગા લહેરાવી રહ્યાં છે ત્યારે રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતી તિરંગા યાત્રા જિલ્લા કક્ષાની સાથે સાથે તાલુકા કક્ષાએ પણ તિરંગા યાત્રા યોજાઈ રહી છે જેનાં ભાગ રૂપે સંખેડા ટાઉનમાં તિરંગા યાત્રા માર્ગો પર નીકળતાની સાથેજ સમગ્ર સંખેડા નુ વાતાવરણ ભારત માતાકી જય અને વંદે માતરમ દેશભક્તિના નારાથી ગૂંજી ઉઠ્યું હતું અને આ તિરંગા યાત્રામાં સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી, તાલુકા પંચાયત પ્રમુખ દીપિકાબેન ,માજી તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ દેસાઈ, સંખેડા ગ્રામ પંચાયતના સરપંચ નીતિનભાઈ શાહ સ્થાનિક આગેવાનો સંખેડા મામલતદાર એ ડી પટેલ તાલુકાનાં પદ અધિકારીઓ નાગરિકો મહીલાઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### સંખેડાના મંગલભારતી સંસ્થાના કેમ્પસમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરાઈ



**સંખેડા :** સ્કૂલના ગેટની સામે ઠેરઠેર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે.તંત્ર દ્વારા નિકાલ કરવામાં આવતો નથી.જ્યાં અસંખ્ય માખીઓનું આશ્રય સ્થાન બની રહ્યા છે. સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા વહેલી તકે સફાઈ કરાવે તેવી માગ વાલીઓમાં પણ પોતાના બાળકોના આરોગ્યને લઇ ચિંતિત બન્યા છે વાલીઓ દ્વારા પ્રિન્સિપાલને પણ જણાવેલ હતું કે ગેટની સામે ગંદકી ના ઢગલા ખડકી દેવામાં આવ્યા છે વહેલી તકે આરોગ્ય લક્ષી કામગીરી કરવા જણાવ્યુ હતુ.ચાંદીપુરા વાયરસએ સફેદ દ્વારા ફેલાઈ રહ્યો છે. આરોગ્ય સામે ખતરો ઊભો થયો હોય તેમ લાગી રહ્યું છે. હાંડોદની બરોડા પબ્લિક સ્કૂલના ગેટ સામે ગંદકીના ઢગલા જોવા મળ્યા હતા.જ્યાં નાના બાળકો શાળામાં ભણવા માટે આવે છે.

### મલેકપુર બજારમાં હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજવામાં આવી



**મલેકપુર :** આઝાદીના 77 વર્ષ પૂર્ણ કરી 78 માં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે સમગ્ર ભારત દેશ સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં હર ઘર તિરંગા તથા તિરંગા યાત્રાનું આયોજન ભારત દેશમાં કરવામાં આવી આવી રહ્યું છે.ત્યારે મહીંસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર બજારમાં આજરોજ 'હર ઘર તિરંગા' અભિયાન તથા 15 મી ઓગસ્ટ નિમિત્તે ભવ્ય તિરંગા યાત્રા કાઢવામાં આવેલ.જેમાં લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ.ડી.કે ઠાક્કર તેમજ પો.સ્ટેના પોલીસ કર્મચારી, હોગા, જી.આર. ડી. તથા આજુબાજુ ગ્રામ વિસ્તારના મોટી સંખ્યામાં નાગરિકો તેમજ મલેકપુર બજારના નગરજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### શિનોર તાલુકાના તરવા ગામે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ



**શિનોર :** શિનોર તાલુકાના તરવા મુકામે પણ તરવા ગ્રામ પંચાયત દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ તિરંગા યાત્રા તરવા પ્રાથમિક શાળા ખાતેથી નીકળી સમગ્ર ગામમાં યોજાઈ હતી.જેમાં તરવા ગ્રામ પંચાયતના સરપંચ સંજયભાઈ પટેલ,ડેપ્યુટી સરપંચ રાજેશ વસાવા,ચૂંટાયેલા સભ્યો,તલાટી કમ મંત્રી સિદ્ધાર્થભાઈ,શાળાના શિક્ષકો,આંગણવાડીની બહેનો,આશાવર્કર બહેનો તેમજ શાળાના શિક્ષકો,વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.

---

શિક્ષણ વિભાગની કડક કાર્યવાહી ગુલ્લીબાજ શિક્ષકોમાં ફફડાટ વ્યાપ્યો

# છોટાઉદેપુર તાલુકામાં 5 શિક્ષકો ગેરહાજર રહેતા નોટિસ પાઠવાઈ

**શિક્ષણ** જગતમાં આવી લાલીયાવાળીથી સાચા અને સારા શિક્ષકોની છબી ખરડાઇ રહી છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા,14

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના 2 અને છોટાઉદેપુર તાલુકાનો એક શિક્ષક 5 માસ થી શાળાએ ગેરહાજર રહેતા જિલ્લા શિક્ષણ અધિકારી તપાસ હાથ ધરતા નવા નવા ખુલાસા સામે આવી રહ્યા છે જયારે અત્યાર સુધી જિલ્લામાં 10 શિક્ષકો શાળાએ ગેરહાજરનો આંકડો તપાસના કાગળ ઉપર પહોંચ્યો.

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી શાળાઓમાં ગેરહાજર શિક્ષકો સામે તપાસનો ધમધમાટ શરૂ કરતા છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના બામણી ફળીયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી શિક્ષિકા ચૌધરી હેમાંગનીબેન. બી છેલ્લા 5 માસ થી શાળાએ જતા નથી અને ક્વાંટ તાલુકાના મંદવાળા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રાજેશ કે રાઠવા છેલ્લા ત્રણ માસ માસથી શાળામાં ગેરહાજર જયારે છોટાઉદેપુર તાલુકામાં ઈંટવાડા વર્ગ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી શિક્ષિકા ભાવનાબેન જે પટેલ છેલ્લા 5 માસ થી શાળામાં ગેરહાજર છે જયારે આ તમામ શિક્ષકોને જિલ્લા શિક્ષણ અધિકારીએ નોટિસ ફટકારી છે જયારે છેલ્લા કેટલાક દિવસોથી શિક્ષકો દેશ અને વિદેશ હોય અને શાળામાં ફરજ બજાવતા નથી તેવા કુલ 10 શિક્ષકો જિલ્લામાં બહાર આવ્યા છે જયારે જિલ્લા શિક્ષણ અધિકારી 6 તાલુકામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં તપાસ \ હાથધરતા ચોંકવનારી વિગતો બહાર આવી રહી છે જયારે છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં અમુક શિક્ષકો વારાફરથી શાળાઓમાં ફરજ બજાવતા હતા અને ગુલ્લાં મારતા હતા તેની પણ ખાનગી રહે અધિકારીઓએ તપાસ હાથધરી છે જેને લઈ ગુલ્લામાર શિક્ષકોમાં ફફરાટ ફેલાયો છે જયારે છોટાઉદેપુર જિલ્લામાં 1250 જેટલી શાળાઓ આવેલી છે અને સૌથી વધુ સરકારી કર્મચારીઓનો મહેકમ શિક્ષકોનુ છે ત્યારે જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર ગણું નીચું હતું અને જેના લીધે છોટાઉદેપુર જિલ્લામાં અનેક વાર શિક્ષણને લઈને બહાર થી આવનાર અધિકારીઓ અગાઉ પરદાફાસ પણ કર્યો હતો જયારે હવે શિક્ષકો ગેરહાજર હોવાનું અને ચાલુ નોકરીમાં વિદેશ જવાનું કૌભાંડ બહાર આવ્યું છે ત્યારે છોટાઉદેપુર જિલ્લાનું પ્રાથમિક શિક્ષણ વિભાગની છબી ભારે ખરડાઈ છે સમગ્ર હકકીતો ઉપર જિલ્લા વિકાસ અધિકારી વોચ રાખી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં સખ્ત કાર્યવાહી જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે પગલાં ભરવામાં આવશે તેની તૈયારીઓ ચાલી રહી છે

---

જિલ્લા એલસીબીનો સપાટો

## પાદરાના માસર રોડ ગામની સીમમાંથી 78 હજારનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા,14

પાદરા ના માસર ગામની સીમમાં બ્રાહ્મણવશી ગામની સીમમાં જવાના રોડ પર એલ.સી.બી. પોલીસે ભારતીય બનાવટ દારુ ની પેટી નંગ ૨૬ બોટલો નંગ ૭૪૭ કી.રૂ.૭૮૩૦૦/- ના મુદ્દામાલ સાથે ખેતરમાં સંતાડી રાખેલ દારુ કબજે કરી બે ઈસમો સામે પ્રોહી એક્ટ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી જેમાં રેડ દરમ્યાન એક ઈસમ ને ઝડપી પાડ્યો હતો જ્યારે એક ફરાર થઇ ગયો હતો.

પાદરા માં એલસીબી સ્ટાફ ના મુકેશભાઈ, અશોકભાઈ, અજયભાઈ અને હરીશચંદ્ર નાઓ વડુ પોલીસ વિસ્તાર માં પ્રોહી કામગીરી માં હતા તે દરમ્યાન માસર ગામની સીમમાં બ્રાહ્મણવશી ગામ તરફ જવાના માર્ગ પર બ્રિજેશ ઉર્ફે લાલો વીનુભાઈ પટેલ ના દિવેલા ના વાવેતર વાળા ખુલ્લા ખેતરના સેથા પર ઝાડી ઝાખરા માં અતુલ બીપીન દેસાઈ (રબારી) રહે.મોભા સ્ટેશન, તથા રમેશ ઉર્ફે દકો સુરસંગ પરમાર, રહે.માસર નાઓ ભેગા મળી બહાર થી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી સંતાડી રાખી છૂટક માં વેચાણ કરે છે જે બાતમી આધારે વોચ ગોઠવી રેડ કરતા એલસીબી પોલીસે ખેતરના સેથા પરથી દારુ-બીયર ની પેટી નંગ ૨૬ બોટલો નંગ ૭૪૭ કી.રૂ.૭૮૩૦૦/- ના મુદ્દામાલ સાથે અતુલ બીપીન દેસાઈ (રબારી) રહે.મોભા સ્ટેશન ને ઝડપી પડ્યો હતો. જ્યારે રમેશ ઉર્ફે દકો સુરસંગ પરમાર, રહે. માસર રેડ દરમ્યાન ફરાર થઈ ગયેલ હતો. જેને લઈ દારુ નું વેચાણ કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

---

પાદરામાં દેશભક્તિ સાથે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ડબકા ગામે તિરંગાયાત્રા દરમિયાન વૃક્ષારોપણ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) પાદરા, તા,14

સ્વાતંત્ર પર્વ નિમિત્તે પાદરા તાલુકા ના ડબકા ગામે ભવ્ય તિરંગા યાત્રા સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ડબકા ગામે તિરંગા યાત્રા નું પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ પ્રસ્થાન કરાવ્યું હતું તિરંગા યાત્રા ડબકા ગામ વિવિધ વિસ્તારો માં નીકળી હતી. પાદરા તાલુકા 11 ગામ મો દરેક ગામ માં 1 હજાર વુક્ષો નું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

સ્વાતંત્ર પર્વની દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી છે ત્યારે વડોદરા જિલ્લાના અનેક શહેરો અને નગરો તેમજ ગામોમાં પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી છે જેના ભાગરૂપે પાદરા તાલુકાના ડબકા ગામે તિરંગા યાત્રા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



ડબકા હાઈસ્કુલ થી નીકળેલી તિરંગા યાત્રાનું પ્રસ્થાન પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ કરાવ્યું હતું.

તિરંગા યાત્રા ડબકા ગામમાં વિવિધ વિસ્તારો અને માર્ગો પર નીકળી હતી જેમાં પાદરા મામલતદાર તેમજ પોલીસ મથકનો સ્ટાફ સહિત ડબકા ગામના આગેવાનો તેમજ જિલ્લા પંચાયત સદસ્ય તથા તાલુકા પંચાયત પ્રમુખ સહિત ભાજપના હોદ્દેદારો તથા કાર્યકરો તેમજ ડબકા ગામના નાગરિકો મોટી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાયા હતા.

---

## પાદરા તાલુકામાં ગુલ્લીબાજ શિક્ષકોની તપાસ શરૂ

(પ્રતિનિધિ) પાદરા, તા,14

પાદરા તાલુકાની લખડીકૂઈ, સોખડારાધુ, ટીંબીપુરા, ધોરીવગો પ્રાથમિક શાળાના શિક્ષકો વર્ષોથી પરદેશમાં છે તેઓ ત્યાં જઈને કોઈ પ્રકારની જોબ કરતા હોવાનું પ્રાથમિક શિક્ષક આલમ માં ચર્ચા ચાલી રહી છે ગુજરાતમાં સરકારી નોકરીમાં મંજૂરી લીધા વગર ફરજ ઉપર ગેરહાજર રહેતા આ ચર્ચાનો વિષય બન્યો છે આ બાબતે લાગતા વળગતા અધિકારીઓ તલસ્પર્શી તપાસ કરે તો આ પ્રકરણમાં કંઈક નવો વળાંક આવે એવી શક્યતાઓ ને નકારી શકાય નહીં. આજના તબક્કે સરકારી નોકરી મેળવવા માટે કરોડો યુવાનો થનગની રહ્યા છે ત્યારે સરકારી નોકરી માં ગેરહાજર રહીને પરદેશમાં લાંબા સમય સુધી રહેવાનું કારણ પ્રાથમિક શિક્ષકોનું સમજાતું નથી આ અંગે અધિકારીઓ જો ઊંડાણપૂર્વક તપાસ કરાવે તો ઘણું બધું કૌભાંડ બહાર આવવાની શક્યતા છે.

---

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે સક્રિય ભાગ ભજવ્યો

## સંખેડા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં દેશભક્તિ ગીતની સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા,14

ભારતના ૭૮ માં સ્વાતંત્ર દિન પૂર્વે કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા તથા એન.એસ.એસ.યુનિટ અને સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં આરંભે આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

કોલેજના વિદ્યાર્થી તડવી વિશાલ અને સહાયકોએ કાર્યક્રમનો સુરીલો સંગીતમય આરંભ કરી પોતાની પ્રતિભાવ્યક્ત કરતા વિવિધ ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ગ્રુપ અને વ્યક્તિગત જેવા બે વિભાગમાં ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડો.રાકેશભાઈ વણકર સાધુ તથા ડો.સાધના બેને પણ



ગુજરાતી ગીતો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સંખેડા તાલુકાના સેવા સદન દ્વારા આયોજિત તિરંગા યાત્રામાં પણ કોલેજના વિદ્યાર્થીઓએ તથા અધ્યાપકોએ સહર્ષ ભાગ લઈ યાત્રાને સફળ બનાવી હતી.કાર્યક્રમની આભાર વિધિ પ્રાધ્યાપક રાજશ્રીબેન જોશી એ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે સક્રિય ભાગ ભજવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કનુભાઈ પરમાર અને ડૉ.પી. આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

---

ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીને 15મી ઓગષ્ટે ઇનામ વિતરણ

## નસવાડી ખાતે આઝાદી દિનને લઈ જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) નસવાડી, તા,14

નસવાડી ખાતે સ્વાતંત્ર્ય દિનને લઈ જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાઈ જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો દેશ ભક્તિને લાગતી કૃતિઓ વિદ્યાર્થીઓએ રજૂ કરી આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીને 15 ઓગષ્ટે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે.

નસવાડી એસ.બી સોલંકી વિદ્યા મંદિર શાળા ખાતે સ્વાતંત્ર્ય દિન નિમિતે જિલ્લા કક્ષાની વકતૃત્વસ્પર્ધા,નિબંધસ્પર્ધા,ચિત્રસ્પર્ધા યોજાઈ હતી જેમાં 6 તાલુકામાંથી QDC કક્ષાએ પ્રથમ નંબર મેળવી અલગ અલગ શાળાઓના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પ્રધામાં ભાગ લીધો હતો આ સ્પર્ધાઓમા વિદ્યાર્થીઓએ દેશ ભક્તિને લાગતી કૃતિઓ રજૂ કરી હતી જેને લઈ નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યો હતુ જેમાં વકતૃત્વસ્પર્ધા પ્રથમ નંબર બારીઆ જાનકી સંજયભાઈ - શેઠ એચ એચ શિરોલાવાળા હાઈસ્કુલ બોડેલી જયારે નિબંધસ્પર્ધામાં પ્રથમ નંબર ખત્રી કનીઝેફાતિમા ઝાકીરહુસેન,વી આર શાહ સાવજનીક હાઈસ્કુલ, પાવીજેતપુર તેમજ ચિત્રસ્પર્ધામાં પ્રથમ નંબર દેવડા પાયલબેન મુલારામ - શેઠ એચ એચ શિરોલાવાળા હાઈસ્કુલ બોડેલી આમ અલગ અલગ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓનો નંબરો આવ્યા હતા જયારે પ્રથમ નંબર લાવનાર આ 3 વિદ્યાર્થીઓને 15 ઓગસ્ટે જિલ્લા કક્ષાના ધ્વજવંદનના કાર્યકમમાં જિલ્લાનાં અધિકારીઓના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે હાલ તો આ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં નંબરો લાવી પોતાનો ટેલેન્ટ દેખાડી સમાજ અને શાળાઓનું નામ રોશન કર્યું છે જેને લઈ વાલીઓમાં ખુશી છવાઈ છે.

---

## સંખેડામાં સ્કૂલના ગેટની સામે ઠેરઠેર ગંદકીના ઢગલા જોવા મળતા રોગાચાળાની દહેશત સેવાઇ રહી છે



**સંખેડા :** સ્કૂલના ગેટની સામે ઠેરઠેર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે.તંત્ર દ્વારા નિકાલ કરવામાં આવતો નથી.જ્યાં અસંખ્ય માખીઓનું આશ્રય સ્થાન બની રહ્યા છે. સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા વહેલી તકે સફાઈ કરાવે તેવી માગ વાલીઓમાં પણ પોતાના બાળકોના આરોગ્યને લઇ ચિંતિત બન્યા છે વાલીઓ દ્વારા પ્રિન્સિપાલને પણ જણાવેલ હતું કે ગેટની સામે ગંદકી ના ઢગલા ખડકી દેવામાં આવ્યા છે વહેલી તકે આરોગ્ય લક્ષી કામગીરી કરવા જણાવ્યુ હતુ.ચાંદીપુરા વાયરસએ સફેદ દ્વારા ફેલાઈ રહ્યો છે. આરોગ્ય સામે ખતરો ઊભો થયો હોય તેમ લાગી રહ્યું છે. હાંડોદની બરોડા પબ્લિક સ્કૂલના ગેટ સામે ગંદકીના ઢગલા જોવા મળ્યા હતા.જ્યાં નાના બાળકો શાળામાં ભણવા માટે આવે છે.

---

# પાદરા એસટી ડેપોમાં બ્રહ્માકુમારીની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા,14

આજરોજ પાદરા ડેપો ખાતે હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો ડેપોના બસ સ્ટેશન ખાતે ડી.એમ. અને એટીઆઇ તેમજ મેકેનિક કર્મચારીઓ દ્વારા ફૂલોથી રાષ્ટ્રધ્વજ બનાવેલ અને બ્રહ્માકુમારી ના બહેનો એ ડેપો ખાતે ના કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની પણ ઉજવણી કરવામાં આવી હતી.



હર ઘર તિરંગા અંતર્ગત પાદરા ડેપો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાદરા ડેપોના ડ્રાઈવર તેમજ કંડકટર તથા એટીઆઈ અજયભાઈ રાઠોડ તેમજ હેડમકેનિક મુકેશભાઈ તથા ટ્રાફિક કંટ્રોલર રાજુભાઈ તથા રિયાઝ ભાઈ શેખ અને ડ્રાઈવર કંડક્ટર તથા મુસાફર જનતા માં સ્વતંત્ર દિન નિમિત્તે જાગૃતિ ફેલાય તે માટે દરેક મુસાફર જનતાને સંબોધન કરી ધ્વજવંદનનું વિતરણ કરવામાં આવ્યું હતું અને મુસાફર જનતામાં ડ્રાઈવર કંડકટર સારી છાપ ઊભી થાય તે હેતુથી દરેક ડ્રાઈવર કંડક્ટરને મુસાફર સાથે સારું વર્તન કરવું અને દરેક મુસાફરને બોલાવી બસમાં બેસાડવા અને આવક વધારવા માટેનો અભિગમ તેમજ સંસ્થાની આવક વધે તે રીતે દરેકને સૂચના આપવામાં આવી હતી. હર ઘર તિરંગા પ્રોગ્રામ અનુસાર પાદરા ડેપોમાં થી આયોજન કરવામાં આવ્યું હતું.

---

## મુવાલ કોલેજ ખાતે આંતર કોલેજ ચેસ ટુર્નામેન્ટનું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા,14

યુનિવર્સિટીએ આ આંતર કોલેજ ટુર્નામેન્ટની શરૂઆત કરવા મુવાલ કોલેજ ની પસંદગી કરી, જે અંતર્ગત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. તેમજ કેળવણી મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ સિંધા, મંત્રી આશિતભાઈ શાહ, ઈ. સી મેમ્બર યોગેન્દ્રસિંહ ચૌહાણ, આર્બીટર જગજીતસિંહ ચૌહાણ મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.ઈન્દિરાબેન વાળા એ પ્રાસંગિક ઉદબોધન કરી અને કુલપતિનો આભાર પ્રગટ કર્યો હતો. કેળવણી મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલ એ ઉદબોધન કર્યું.

કોલેજની થોડો ઐતિહાસિક પરિચય આપ્યો હતો. ત્યારબાદ મુખ્ય અતિથિ પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ રાષ્ટ્રગીત ગાઈને રમતની શરૂઆત કરી હતી.